# <u>હળવદ ના મહે.એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટ, મું.હળવદ</u>

ફો.કે.નં:–૭૧૦/૨૦૨૫
આંક–

શ્રી સરકાર ......ફરીયાદી
વિરૂધ્ધ

(૧) છગનભાઈ ગૌરાભાઈ મકવાણા રહે. ભડીયાદ રોડ, મોરબી

(૨) મનસુખભાઈ ભલાભાઈ જીતીયા રહે. ઈન્દિરાનગર, મોરબી

.......આરોપી

<u>બાબત : જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.</u>

## :: ઠરાવ ::

(૧) આ કામનાં આરોપી વિરુધ્ધ જાહેરમાં ગેરકાયદેસર પૈસા પાના વડે હાર–જીતનો જુગાર રમતાં મુદામાલ સાથે મળી આવ્ય સબંધે જુગાર ધારાની કલમ–૧૨ અન્વયે શીક્ષા પાત્ર ગુન્હાનો આરોપ છે.

(૨) આરોપી વિરુધ્ધ સદર ગુન્હાનુ ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને સમન્સ બજતાં હાજર થતાં નકલો આપી, તેઓની કબુલાત પુરશીશ રજુ થતા તથા પ્લી લેતા સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોવાનું જણાવતાં સદરહુ ગુના માટે આરોપીને તકસીરવાર ઠરાવવામાં આવે છે.

(૩) વધુમાં આરોપીએ જણાવેલ છે કે આ તેઓનો પ્રથમ ગુનો છે તેઓ ગરીબ મજુર વર્ગના કુટુંબમાં એકલા કમાનાર માણસ છે. અને હવે પછી ભવિષ્યમાં તેઓ આવો કોઈ ગુનો કરશે નહિ તેવી ખાત્રી આપે છે. તેમ જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે. જેથી તમામ હકીકત ધ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

આરોપી નં. ૧ તથા ર ને બી.એન.એસ.એસ. ૨૭૫ અન્વયે દોષીત ઠરાવી જુગાર ધારાની કલમ–૧૨ મુજબ ના ગુન્હા બદલ તકસીરવાર ઠરાવી દરેકને દંડ રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) એમ કુલ રૂા.૪૦૦/–(અંકે રૂપિયા ચાર સો પુરા) કરવામાં આવે છે. દંડ ભરવામાં કસુર કર્યેથી આરોપીને દિન –૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો.

આરોપી નં. ૧ તથા ર ના જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

આરોપી નં. ૧ તથા ર ની પાસેથી કબજે કરેલ મુદામાલ રોકડ રકમ સરકારશ્રીમા જમા કરાવવી તથા આરોપી નં. ૧ તથા ર ના મુદામાલ મોબાઈલ અંગે વચગાળાનો હુકમ શરતો રદ કરી કાયમ કર્યો.

આરોપી નં. ૭ પુરતો કેસ આગળ ચલાવવા હુકમ કર્યો.

હુકમ આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એમ. કે. શાહ )**
એડી.ચીફ.જયુડી.મેજી.હળવદ
જી.જે.૦૧૨૦૮